# આજે મકરસંક્રાંતિ પર્વ

મકરસંક્રાંતિનો તહેવાર દર વર્ષે ૧૪મી જાન્યુઆરીના રોજ ઉજવવામાં આવે છે. હિન્દુ કેલેન્ડર મુજબ પોષ મહિનામાં આવતા આ દિવસે સૂર્ય ધન રાશિમાંથી મકર રાશિમાં પ્રવેશ કરે છે અને લાંબા દિવસોની શરૂઆત થાય છે. મકરસંક્રાંતિ એ કેટલાક પ્રાચીન ભારતીય અને નેપાળી તહેવારોમાંથી એક છે જે સૌરચક્ર અનુસાર મનાવવામાં આવે છે, જ્યારે મોટાભાગના તહેવારો ચંદ્રચક્ર આધારિત હોય છે.




તેથી આ તહેવાર હિન્દુ સંસ્કૃતિ મુજબ સૂર્યદેવને સમર્પિત છે. મકરસંક્રાંતિના દિવસે સૂર્યના કિરણો ઉત્તર દિશા તરફથી આવવાનું શરૂ કરે છે જેથી પૌરાણિક કથા મુજબ આ દિવસે સારી શક્તિઓનો સંચાર થાય છે અને ખરાબ શક્તિઓનો નાશ થાય છે.

મકરસંક્રાંતિના દિવસથી ઉત્તર પ્રદેશમાં કુંભમેળાની શરૂઆત થાય છે જ્યારે દક્ષિણ ભારતના કેરળમાં શબ્રીમાલાની સૌથી મુશ્કેલ યાત્રાધામની યાત્ર સમાપ્ત થાય છે. મકરસંક્રાંતિના દિવસે લોકો ગંગા, યમુના, ગોદાવરી, કૃષ્ણ, કાવેરી જેવી પવિત્ર નદીઓમાં સ્નાન કરે છે અને સૂર્યદેવની પ્રાર્થના કરી તેમની સફળતા અને સમૃદ્ધિ માટે આભાર માને છે. મકરસંક્રાંતિ સાથે સંકળાયેલા તહેવારોને વિવિધ નામોથી ઓળખવામાં આવે છે, જેમ કે નેપાળમાં માઘા સંક્રાંતિ, ગુજરાતમાં ઉત્તરાયણ, આસામમાં માઘ બિહુ, પંજાબ, હરિયાણા અને હિમાચલ પ્રદેશમાં માગી (લોહરી), તમિલનાડુમાં થાઈ પોંગલ, ઉત્તરાખંડમાં ઘુગુતિ. ઓડિશા, કર્ણાટક, મહારાષ્ટ્ર, ગોવા, પશ્ચિમ બંગાળ, આંધ્ર પ્રદેશ અને તેલંગાણામાં પણ મકરસંક્રાંતિ મનાવવામાં આવે છે. મકરસંક્રાંતિની તારીખની ગણતરી માટે બે અલગ અલગ સિસ્ટમો છે: નિરાયના અને સાયના. ૧૪ જાન્યુઆરીની તારીખ નિરાયના સિસ્ટમ પર આધારિત છે. સૌર કેલેન્ડર મુજબ એક વર્ષ પછી સૂર્ય તે જ સ્થાન પર દર વર્ષે ૨૦ મિનિટ મોડા આવે છે, જેનો અર્થ એ થાય છે કે આકાશમાં દર ૭૨ વર્ષ પછી સૂર્યને ૧ દિવસ વધારાની જરૂર પડે છે.



## પ્રસંગસર

**પ્રો. જીગર એસ. બારોટ**

ઉત્તરાયણ શબ્દ સંસ્કૃતના બે શબ્દો ‘ઉત્તારા’ (ઉત્તર) અને ‘આયના’ (ગતિ) પરથી આવ્યો છે, જે આકાશી ક્ષેત્રમાં પૃથ્વીની ઉત્તર દિશાની ગતિનો અર્થ સૂચવે છે. ઉત્તરાયણ એ ગુજરાત રાજ્યનો એક મુખ્ય તહેવાર છે જે બે દિવસ સુધી ચાલે છે. ૧૪ જાન્યુઆરી ઉત્તરાયણ અને ૧૫ જાન્યુઆરી વાસી ઉત્તરાયણ. પતંગ ચગાવવા માટે ગુજરાતી લોકો આ તહેવારની આતુરતાથી રાહ જોતા હોય છે. આ દિવસે લોકો ખાસ હળવા વજનવાળા રંગેરંગી કાગળ અને વાંસથી બનેલા ધનુષ આકારના પતંગ ચગાવી તથા ઉંધિયા, જલેબી અને ચિકકી જેવી વાનગીઓનો આનંદ માણતા હોય છે. ગુજરાતમાં તો ડિસેમ્બર મહિનાથી મકરસંક્રાંતિ સુધી લોકો ઉત્તરાયણની મજા લેવાનું શરૂ કરી દે છે. જ્યારે લોકો પતંગોનો પેચ લગાવે અને કોઈ પતંગ કાપતા હોય છે ત્યારે ગુજરાતીમાં ‘કાયપો છે’, ‘ઈ લેપેટ’, ‘જાય જાય’, ‘લપેટ લેપટ’ જેવા શબ્દોથી આનંદ વ્યક્ત કરે છે. ઉત્તરાયણ અથવા મકરસંક્રાંતિ એ ગુજરાતમાં ઉજવાતો એક સૌથી પ્રખ્યાત ઉત્સવ છે. ઘણીવાર તો એવુ કહેવામાં આવે છે કે જો તમારે ગુજરાતની મુલાકાત લેવી હોય તો તમારે તે નવરાત્રી દરમિયાન અથવા મકરસંક્રાંતિ દરમિયાન જ લેવી જોઈએ. જ્યા લોકો શહેર અને ગામની દરેક ગલી અને ખૂણામાં ઉત્સાહભેર ઉજવણી કરતા જોવા મળે છે.

પતંગ ઉડાવવાની પરંપરા પાછળ પણ તાર્કિક કારણ છે. જુના દિવસોમાં પતંગ ઉડાવવું એ સામાન્ય રીતે વહેલી સવારે કરવામાં આવતું હતું, જ્યારે સૂર્યના કિરણો ખુબ તેજસ્વી હોય છે પરંતુ કઠોર હોતા નથી. વહેલી સવારનો તડકો ત્વચા અને શરીર માટે ફાયદાકારક માનવામાં આવે છે. ઉપરાંત પતંગ ઉડાડતી વખતે આપણુ શરીર લાંબા કલાકો સુધી સૂર્યના સંપર્કમાં રહે છે જેનાથી શરીર પરના ખરાબ બેક્ટેરિયાનો નાશ થાય છે અને વિવિધ સ્કીન ડિસીઝથી બચી શકાય છે. આકાશમાં ઉંચે ઉડતા પતંગો જોવાથી આંખોની દ્રષ્ટિ સારી રહે છે.

મકરસંક્રાંતિ પર ગુજરાત રાજ્ય આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન કરે છે. ગુજરાત સરકારે વર્ષ ૧૯૮૯માં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવની શરૂઆત કરી હતી. ત્યારબાદ દર વર્ષે વિશ્વભરના પતંગ રસીયાઓ દ્વારા માછલી, ડ્રેગન, વિમાન, સાયકલ જેવા વિવિધ આકારના વિશાળ પતંગો ઉડાડીને પ્રદર્શન કરવામા આવે છે. પતંગ મહોત્સવમાં મલેશિયાના વાઉ-બિલિંગ પતંગ, જાપાનના રોક્કકુ ફાઈટર પતંગ, ઈન્ડોનેશિયાના લાયંગ-લેટાંગ જેવા વિવિધ દેશોના વિશાળ પતંગો જોવા મળે છે.

### પતંગ વિશે રસપ્રદ જાણકારી

- વિશ્વનો સૌથી લાંબો પતંગ ૧૦૩૪ મીટર એટલે કે ૩૩૯૪ ફૂટનો છે.
- વિશ્વમાં સૌથી નાનો પતંગ જે ખરેખર ૫ મીમી સુધીજ ઉડી શકે છે.
- સળંગ ૧૧,૨૮૪ પતંગો એક જ લાઈન પર ઉડાડવાનો રેકોર્ડ જાપાનના નામે છે.
- પતંગની સૌથી ઝડપી સ્પીડ ૧૯૩ કિમી પ્રતિ કલાકની રેકોર્ડ કરવામાં આવી છે.
- સૌથી લાંબા સમય સુધી પતંગ ઉડાડવાનો રેકોર્ડ ૧૮૦ કલાકનો નોંધવામાં આવ્યો છે.
- કેટલાક પતંગોનું વજન તો ૨૦૦૦ કિલોથી પણ વધુ હોય છે.
- એક માન્યતા મુજબ ૩૦૦૦ વર્ષ પહેલાં ઉડાયેલી પહેલી પતંગ પાંદડામાંથી બનાવવામાં આવી હતી.
- પહેલાના સમયમાં પતંગોનો ઉપયોગ યુદ્ધો અને લડાઈઓમાં સંકેત આપવા, લેટર અને ન્યૂઝપેપર પહોંચડવા, માછલી પકડવા, પક્ષીઓને ડરાવવા, હવામાનની આગાહી કરવા જેવા કાર્યો માટે પણ કરવામાં આવતો હતો.
- વિશ્વમાં બાળકો કરતાં વધુ મોટા લોકો પતંગ ઉડાડે છે.
- પતંગ ઉડાડવા માટે ખુલ્લા આકાશની જરૂર નથી કારણ કે ઘણાં દેશોમાં ઈન્ડોર પતંગોત્સવનું પણ અયોજન થાય છે.

# ચૌધરી સ્કૂલમાં સ્વામી વિવેકાનંદ જન્મજયંતિની ઓનલાઈન ઉજવણી


ગાંધીનગર, તા.૧૨

જે.એમ.ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય દ્વારા સ્વામી વિવેકાનંદના વિચારોને બાળકો સુધી પહોંચાડવા ઓનલાઈન વકતૃત્વ સ્પર્ધાનું



આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધો-૬ થી ૮ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. અને સ્વામી વિવેકાનંદના વિચારોને અપનાવવાની પ્રતિજ્ઞા લીધી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શીતલબેન ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

# બાપુ ગુજરાત નૉલેજ વિલૅજમાં વુમન સેલ દ્વારા ઓનલાઈન કાઈટ ડેકોરેશન સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા. ૧૩

ગાંધિનગર-માણસા હાઈવે પર આવેલા બાપુ ગુજરાત નોલેજ વિલેજ ની સંલગ્ન સંસ્થાઓ જેવિ કે ઈજનેરી, ફાર્મસિ, નર્સિંગ, લો, અને સાયન્સ એન્ડ કોમર્સ મા કાર્યરત વુમન સેલ દ્વારા તા.૧૩/૧/૨૦૨૧ ના રોજ ઓનલાઈન કાઈટ ડેકોરેશન સ્પર્ધા યોજાઈ હતી.

આ ઓનલાઈન પ્લેટફોર્મ પર યોજાયેલી અનોખી સ્પર્ધા મા સમગ્ર કોલેજીની વિદ્યાર્થીનીઓ અને વુમન સેલ મા કાર્યરત દરેક ફીમેલ ફેકલ્ટીએ ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો. સ્પર્ધા મા પ્રથમ અને દ્વિતિય આવનાર વિદ્યાર્થીનીને ઈ-સર્ટિફિકેટ આપવામા આવ્યુ હતુ.

આવા અનોખા કાર્યક્રામના સફળ આયોજન અને સફળતા બદલ કેમ્પસના ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા, ડાયરેક્ટર પ્રો. રવિ કુમાર અને સમગ્ર કોલેજીસ ના પ્રિન્સીપાલઓ તથા સમગ્ર સ્ટાફ મિત્રોએ સંસ્થાના વુમન સેલ ના દરેક કાર્યકર્તાઓ ને અભિનંદન પાઠવ્યા હતા.

**કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજ NSS યુનિટ દ્વારા**

# રાષ્ટ્રીય યુવા દિવસ તેમજ પૂજ્ય માણેકલાલની પુણ્યતિથી નિમિત્તે યુવા પરિસંવાદ યોજાયો

**વિદ્યાર્થીઓને બન્ને મહાનુભાવોના જીવનચરિત્રમાંથી જીવન ઉપયોગી ભાથુ મેળવ્યુ : ‘શિક્ષણ એ માત્ર માહિતીનો સંગ્રહ જ નથી, પરંતુ જીવન માટે એક વ્યાપક પ્રશિક્ષણ છે’ સ્વામીજીની ઉક્તિ ને પૂજ્ય માણેકલાલ સાહેબ દ્વારા સાચા અર્થમાં ચરિતાર્થ કરવામાં આવી**

ગાંધીનગર, તા. ૧૩

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગર, સેકટર-




૨૩માં આવેલી બીબીએ કૉલેજ ખાતે રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકો ઉપરોક્ત સેમિનાર માં ઉત્સાહપૂર્વક જોડાયા હતા. કોલેજના આચાર્ય ડો. રમાકાન્ત પૃષ્ટિ દ્વારા આજના મુખ્યવક્તા તેમજ કાર્યક્રમ ના અતિથિ વિશેષ ડો પાર્થ રશ્મિકાંત ભટ્ટ ને આવકાર્યા હતા. તેમજ વિદ્યાર્થીઓ ને પૂજ્ય માણેકલાલ સાહેબ તેમજ સ્વામીજી ના જીવનમૂલ્યો ને સમજી વ્યહવાર માં ઉતારવા જણાવ્યુ હતું. ઉપાચાર્યશ્રી ડો.જયેશ તન્ના સાહેબ દ્વારા વિદ્યાર્થીઓને કાર્યક્રમ બાબતની સમજ આપવામાં આવી હતી. તેમજ યુવાનો ને હમેશા કર્તવ્ય નિષ્ઠ બની કારકિર્દીમાં આગળ વધવા જણાવ્યુ હતું. આજે એવાજ સમાજના ઉત્થાન માટે સિંહ ફાળો આપનાર બે મહાનુભાવો ના જીવનચરિત્ર માંથી તેઓ સમાજ અને રાષ્ટ્રાપયોગી બાબતો ગ્રહણ કરે તેવા હેતુ થી ઉપરોક્ત કાર્યક્રમનું આયોજન કરવા માં આવ્યું હતું. કુલ ૧૩૫ વોલીયંટર્સ ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રીય યુવા દિવસ નિમિત્તે એટ્લે કે સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ અને કડી સર્વવિશ્વ વિદ્યાલયના શિલ્પી માનનીય માણેકલાલ સાહેબની પુણ્યતિથિ તેમજ NSS કેમ્પના સમાપનને એક વર્ષ પૂર્ણ થવા ના ઉપલક્ષ માં કાર્યક્રમનું આયોજન થયું જેમાં પૂજ્ય માણેકલાલ સાહેબ અને સ્વામીજીના જીવનચરિત્રથી વિદ્યાર્થીઓ કઈરીતે પ્રેરિત થઈ શકે તે બાબત પર વિચાર ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ આચાર્યશ્રી ઉપાચાર્યની પ્રેરણાદાયક ઉપસ્થિતિમાં આયોજિત થયો યુવાનોને માર્ગદર્શન આપવા માટે મુખ્ય મહેમાન તરીકે ખાસ ઉપસ્થિત રહેલા ડો.પાર્થ રશ્મિકાંત ભટ્ટ તેમની આગવી શૈલી માં વિદ્યાર્થીઓને અભ્યાસ બાબતે તેમના સ્વાનુભવ ની વાત કરી જે તેઓને ખૂબ ઉપયોગી સાબિત થશે. તેમજ બન્ને મહાનુભાવ એ રાષ્ટ્રનિર્માણ માટે કરેલ કાર્યો ને યાદ કર્યા.

પ્રોગ્રામ ઓફિસર ધર્મેન્દ્રસિંહ રાઠોડ દ્વારા કાર્યક્રમનું સંયોજન કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે કોલેજના NSS યુનિટ દ્વારા અનેક કાર્યક્રમો વર્ષપર્યંત કરવા માં આવે છે જેથી વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ તેમજ સમાજનું ઉત્થાન થઈ શકે. આજના કાર્યક્રમ બાબતે વીદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જણાતો હતો અને તેઓ દ્વારા આગામી દિવસો માં અન્ય નવા કાર્યો માં પણ તત્પરતા થી જોડાશે તેમ જણાવ્યુ હતું. સમગ્ર કાર્યક્રમ ના સમાપન માં આભાર પ્રસ્તાવ ડો.પ્રજ્ઞેશ નવલખા દ્વારા રજૂ કરવા માં આવ્યો હતો. કાર્યક્રમમાં કોલેજ ના તમામ અધ્યાપકો જોડાયા હતા.

સમગ્ર કાર્યક્રમ ડૉ.રમાકાન્ત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ, પ્લેસમેન્ટ તેમજ ઉપાચાર્ય ડો.જયેશ તન્ના, NSS પ્રોગ્રામ ઓફિસર ધર્મેન્દ્રસિંહ રાઠોડ તેમજ કોલેજ પરિવાર દ્વારા દ્વારા સફળતા પૂર્વક યોજવા માં આવ્યો હતો.

## પંખીની વેદના



હતું આભ આખું અમારું કદી તો,
પ્રભુએ દીધેલી અમોને જ પાંખો;
સહી ના શકી દશ્ય સોહામણું એ -
ભલા માનવી, આ તમારી જ આંખો!
ઉડાડ્યાં વિમાનો, ચગાવ્યા પતંગો;
કપાતાં રહે છે અમારાં અંગો...
કરુણા કરીને ભૂખ્યાંને જમાડો,
વળી પાંજરાપોળ ને પણ નિભાવો;
પછી કેમ આવા સપરમા જ દિને
અમોને કપાતાં તમે ના બચાવો?
રુધિર છાંટણાંનું નથી પર્વ વ્હાલા,
મજાથી ચીકી-બોર-મીઠાઈ ખાઓ...
થતી હોય પીડા સૂરજ દેવને તો -
તમે માનવી કેમ ના શરમાઓ?

- ડૉ. કેશુભાઈ દેસાઈ

## પતંગ પર ‘કોરોના સૂત્રો’થી શિક્ષકનું ‘રામાજીના છાપરા’માં જનજાગૃતિ અભિયાન





ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાની રામાજીના છાપરા પ્રાથમિક શાળાના શિક્ષક ધર્મેશ ગજ્જર દ્વારા વર્તમાન કોરોનાની પરિસ્થિતિમાં ઉત્તરાયણ દરમિયાન જનજાગૃતિ કેળવવા કોરોનાના અંગેના સૂત્રો લખેલા પતંગ તથા પોતાના સ્વ હસ્તાક્ષરથી પેન્સિલ, પેન, સ્કેચપેન કે માર્કરથી લખેલા સૂત્રો વાળા જ પતંગો સરકારની ગાઈડલાઈન મુજબ ચગાવાય જણાવેલ છે.

આ જનજાગૃતિ અભિયાનને સહકાર આપવા ગામના વિદ્યાર્થીઓ, યુવાનો, ગામના અગ્રણીઓ વડીલો, મહેશસિંહ, શૈલેષસિંહ, રુપસિંહ, નંદુસિંહ, બાબરસિંહ, ભૂપતસિંહ, ઈન્દ્રવદનસિંહ, કેશાકાકા, વિનુસિંહ, સુરેશસિંહ, વિનયસિંહ, પ્રહલાદસિંહ, હિંમતસિંહ વગેરેએ સાથ-સહકાર આપી પતંગથી જનજાગૃતિ ફેલાવવાનું નક્કી કર્યું છે.

# એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલમાં ઓનલાઈન પતંગ બનાવવાની પ્રવૃત્તિનું આયોજન




ગાંધીનગર, તા.૧૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલ માં ઉતરાયણ નિમિતે પતંગ બનાવવાની ઓનલાઈન પ્રવૃતિનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ધોરણ ૮ ની વિદ્યાર્થિની બહેનોએ રંગીન કાગળ, સળી અને ગુંદરનો ઉપયોગ કરીને રંગબેરંગી સુંદર પતંગો બનાવીને તેના ફોટો મોકલ્યા હતા. શાળાના સુપરવાઈઝર સંગીતાબેનના માર્ગદર્શન હેઠળ શાળાના શિક્ષિકા જયશ્રીબેન પટેલે વિદ્યાર્થિની બહેનોને આપ્રવુતિ માટે પ્રોત્સાહન આપ્યું હતું. શાળાના આચાર્યાશ્રી નિરૂબેન પટેલે વિદ્યાર્થિની બહેનોને શુભેચ્છા પાઠવી અભિનંદન આપ્યા હતા.

## જન્મદિને વધામણી



દૃષ્ટિ ભાવેશકુમાર રાજવંશી
મો. ૯૨૩૮૦ ૪૨૨૩૨



રામભાઈ જોષી
નિવૃત્ત રમતગમત અધિકારી
મો. ૯૯૨૪૩ ૩૬૨૩૭



મૈત્રી રાજેશભાઈ વાઘેલા
મો. ૯૯૨૪૭ ૨૨૯૦૩



જીલુભા ધાંધલ
મો. ૯૭૨૬૧ ૫૫૯૭૩




એસ એમ કાછિયાપટેલ
મો. ૯૭૨૬૧ ૫૫૯૭૩



નયનાબેન ડી શાહ
મો. ૯૯૦૪૪ ૭૦૧૮૦



જીતેન્દ્રકુમાર કાંતિલાલ શર્મા
મો. ૯૧૭૩૧ ૭૫૧૬૧



જય લિંબાચીયા
મો. ૯૯૦૪૪ ૭૦૧૮૦



સિદ્ધિ ચિંતન ત્રિવેદી
મો. ૯૪૨૮૦ ૫૦૧૧૧



કુ. આધ્યા ધ્વનિત પંડ્યા
મો. ૯૭૧૪૪ ૪૪૨૪૪



અવ્યુક્ત હિતેષ જોશી
મો. ૯૯૨૪૪ ૮૯૯૦૧



માસ્ક પહેરો... સ્વસ્થ રહો...



નારાયણનગર વાવોલના મહિલા મંડળની બહેનો દ્વારા કુતરાઓ માટે લાડુ બનાવવામાં આવ્યા હતા.



સંતશ્રી રોહિદાસ સેવા સમાજ (ગુજરાત) સેકટર-૬ ગાંધીનગર ખાતે સંત રોહિદાસ મહિલા ભજન મંડળની બહેનો દ્વારા ઉત્તરાયણના તહેવાર નિમિત્તે શ્વાન(કુતરા) માટે લાડવા બનાવી દરેક સેકટરોમાં શ્વાનને લાડવાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

### સુદર્શન ફાઉન્ડેશન દ્વારા સંચાલિત સરગમ મહિલા ગ્રુપ દ્વારા કુતરાને લાડુ ખવડાવવામાં આવ્યા હતા

ગાંધીનગર, તા. ૧૩

સુદર્શન ફાઉન્ડેશન દ્વારા સંચાલિત સરગમ મહિલા ગ્રુપ ગાંધીનગર ઠાકોર સમાજની બહેનો દ્વારા સે-૭ ખાતે ૫૦ કિલો લાડુ બનાવી સેકટરના કુતરાને ખવડાવવામાં આવ્યા હતા. આ કાર્યમાં લીલાબેન ચાવડા, પૂર્ણિમાબેન, ચંદ્રિકાબેન, ગીતાબેન, લીલાબેન, સૂર્યાબેન, મનિષાબેન આ તમામ બહેનોનો સહકાર રહ્યો હતો.

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે. - સંપાદક**